ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2829/03/2025** **તા.30.03.2025**

**આજ રોજ ડાંગ જિલ્લાનું મધ્યસ્થ કાર્યાલય કમલમનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.**

----

**કાર્યાલયના ખાતમુહૂર્તમા જૂના કાર્યકર્તાઓને યાદ કરવામાં આવ્યા છે તે જ બતાવે છે કે ભાજપનો કાર્યકર્તા જવાબદારીમા હોય કે ન હોય પાર્ટી પ્રત્યેના વલણ સાથે જોડાયેલો રહે છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**કેટલાક લોકો જીલ્લાને પુરતુ પાણી ન મળે, લોકો ખેતિ ન કરી શકો ,પિવાનુ પાણી ન મળે તેના માટે પ્રયત્ન કરતા હોય છે પરંતુ વડાપ્રધાનશ્રી આહવા ડાંગને બારે માસ પાણી મળી રહે તે માટે વ્યવસ્થા કરવા જઇ રહ્યા છે. – શ્રી સી.આર.પાટીલ**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ ડાંગ જિલ્લાનું મધ્યસ્થ કાર્યાલય કમલમનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલજીએ ડાગ જીલ્લાના કાર્યાલયના ખાતમુહૂર્તને ઐતિહાસીક ઘટના કહી સંબોધન કરતા જણાવ્યું કે, હવે ઇતિહાસ બદલાઇ રહ્યો છે તેનુ જીવતુ ઉદાહરણ છે. દેશને આઝાદી અપાવવા અનેક આદીવાસી ભાઇ-બહેનોએ દરેક લડાઇમા પોતાનુ યોગદાન આપ્યુ છે પરંતુ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આદિવાસી સમાજને અફવાઓ અને ગેર સમજ ઉભી કરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કેટલાક વિરોધીઓ કરતા હતા. ડાંગ જીલ્લાના ભાઇ-બહેનો પણ આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના નેતૃત્વમાં સમાજના વિકાસના કાર્યમા જોડાવવું જોઇએ .

શ્રી પાટીલજીએ વિધાનસભાની ચૂંટણીના પરિણામની માહિતીને રજૂ કરતા જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા 2022ની ચૂંટણીમાં 27 જેટલી બેઠકમા આદિવાસી સમાજને નેતૃત્વ મળે તેવો પ્રયાસ મોદી સાહેબે કર્યા અને આદિવાસી સમાજના ભાઇ-બહેનોનો વિશ્વાસ સંપાદીત કરી 23 બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારનો વિજય થયો. આ ઐતિહાસીક વિજયમા આપ સૌનો સાથ-સહકાર રહ્યો છે. કાર્યાલયની વ્યવસ્થા કરવાનો હેતુ કાર્યને સુગમ કરવા, કાર્યને સરળ અને સુનિયોજીત કરવાનો છે. કાર્યાલયના ખાતમુહૂર્તમા જૂના કાર્યકર્તાઓને યાદ કરવામાં આવ્યા છે તે જ બતાવે છે કે ભાજપનો કાર્યકર્તા જવાબદારીમા હોય કે ન હોય પાર્ટી પ્રત્યેના વલણ સાથે જોડાયેલો રહે છે. આ કાર્યાલયમા તમને રાજય અને કેન્દ્ર સરકારની દરેક યોજનાની માહિતી મળી જાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

શ્રી પાટીલજીએ પાણી મુદ્દે સંબોધન કરતા જણાવ્યું કે, પાણી એ પ્રાથમિક જરૂરિયાત છે અંહીની પરિસ્થિતિ થોડી વિસમ છે,કેટલાક લોકો તેમને પાણી ન મળે, તમે ખેતિ ન કરી શકો ,પિવાનુ પાણી ન મળે તેના માટે પ્રયત્ન કરતા હોય છે પરંતુ વડાપ્રધાનશ્રી આહવા ડાંગને બારે માસ પાણી મળી રહે તે માટે વ્યવસ્થા કરવા જઇ રહ્યા છે. કેટલાક લોકો આ કામને સફળ ન બનાવવા

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

હથકંડા અપનાવી તમને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરશે અને કેટલાક લોકો તેમનુ હિત સાધવા તમને ઉશેકરવાનો પ્રયત્ન કરશે એટલે આપ સૌને વિનંતી છે કે મોદી સાહેબના નેતૃત્વમા આદિવાસી સમાજનુ હિત સુરક્ષીત છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમા આજે આહવા-ડાંગમા સૌથી સારા કાજૂની ખેતી થાય છે. કોંગ્રેસે ડો.બાબાસાહેબ આંબેડકરજીની અવગણના કરી હતુ પરંતુ વડાપ્રધાનશ્રી મોદી સાહેબે તેમના યોગ્ય સન્માન મળે તે માટે કામ કર્યુ છે.

આ કાર્યક્રમમાં સુરતના પુર્વ સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન અને જિલ્લાના પ્રભારીશ્રી રાજેશભાઇ દેસાઇ,જીલ્લાના પ્રમુખશ્રી કિશોરભાઇ ગાવિત,જિલ્લાના ધારાસભ્યશ્રીઓ,જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી, સંઘના આગેવાનશ્રીઓ તેમજ સંતો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)